# માધ્યમિક શાળાઓમાં કાર્યરત શિક્ષકોના શૈક્ષણિક અનુભવની નવવિચારના અમલીકરણ પર પડતી અસર: એક અભ્યાસ

પ્રા. ડૉ. નીતા ગોવિંદભાઈ પટેલ
નારણ લાલા ઈન્સ્ટીટયૂટ ઓફ ટીચર એજ્યુકેશન, નવસારી

## ૧. પ્રસ્તાવના

પ્રવર્તમાન સમયમાં શિક્ષકો પોતાના વ્યવસાયને પૂરેપૂરી નિષ્ઠાથી ન્યાય આપવા માટે સમાજની બદલાતી જતી જરૂરિયાતોના સંદર્ભમાં પોતાના શિક્ષણકાર્યમાં પ્રયોગશીલતા દ્વારા નવીનીકરણને ઉત્તેજન આપવું અનિવાર્ય બની ગયું છે. શિક્ષણની નૂતન વિચારધારાઓ અને અદ્યતન પ્રવાહોનું શિક્ષણમાં સમાયોજન કરી પોતાની અંતદ્રષ્ટિ દ્વારા શિક્ષણને પોતાની પ્રતિભાની મૌલિકતાનો સ્પર્શ આપવો પડશે. આજે વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષત્રે રોજ-બ-રોજ કંઈક નવું આવતું રહે છે. આથી માહિતીનો અને જ્ઞાનનો વિસ્ફોટ પણ ચરમસીમાએ પહોંચ્યો છે. ત્યારે આ નવા પ્રવાહો અને જ્ઞાનથી વિદ્યાર્થીઓને વાકેફ જ નહીં પણ તે પ્રવાહ સાથે જ ગતિમાન કરવા પડશે. આથી વર્ગખંડ શિક્ષણમાં નવવિચારના અમલીકરણ પર શિક્ષકોના અનુભવની શી અસર થાય છે તે ચકાસવાના આશય સાથે અધ્યેતાએ અભ્યાસનું શીર્ષક આ મુજબ રાખવાનું યોગ્ય માન્યું છે.**“માધ્યમિક શાળાઓમાં કાર્યરત શિક્ષકોના શૈક્ષણિક અનભવની નવવિચારના અમલીકરણ પર પડતી અસર: એક અભ્યાસ.”**

## ૨. અભ્યાસના હેતુઓ

૧. માધ્યમિક શાળાઓમાં કાર્યરત શિક્ષકોની શૈક્ષણિક અનુભવની નવવિચારના અમલ પર પડતી અસર ચકાસવી.
૨. માધ્યમિક શાળાઓમાં કાર્યરત શિક્ષકો દ્વારા વર્ગખંડ શિક્ષણ દરમિયાન અમલમાં મૂકાયેલા નવવિચારો જાણવા.
૩. માધ્યમિક શાળાઓમાં કાર્યરત શિક્ષકોના નવવિચારોના અમલીકરણ દરમિયાનની મુશ્કેલીઓ જાણવી.

## ૩. અભ્યાસના પ્રશ્નો

૧. માધ્યમિક શાળાઓમાં કાર્યરત શિક્ષકોની શૈક્ષણિક અનુભવની નવવિચારના અમલ પર પડતી અસર શી છે?
૨. માધ્યમિક શાળાઓમાં કાર્યરત શિક્ષકો દ્વારા વર્ગખંડ શિક્ષણમાં કયા નવવિચારો અમલમાં મૂકાયા છે?
૩. માધ્યમિક શાળાઓમાં કાર્યરત શિક્ષકોના નવવિચારોના અમલીકરણમાં કઈ કઈ મુશ્કેલીઓ અનુભવાતી હતી.

## ૪. ક્ષેત્રમર્યાદા

પ્રસ્તુત અભ્યાસ વલસાડ તાલુકાની સરકારી અનુદાન મેળવતી માધ્યમિક શાળાઓના શિક્ષકો પૂરતો મર્યાદિત હતો. અધ્યેતાએ ઉપકરણ તરીકે સ્વ-રચિત અભિપ્રાયાવલિનો જ ઉપયોગ કર્યો હતા. નમૂના તરીકે માધ્યમિક શાળાઓમાં માત્ર ૮૦ શિક્ષકોને જ લેવામાં આવ્યા હતા.

## ૫. સંશોધન યોજના

### ૫.૧ વ્યાપવિશ્વ અને નમૂનો

વલસાડ તાલુકાની સરકારી અનુદાન મેળવતી અને બિનઅનુદાનિત માધ્યમિક શાળાઓના શિક્ષકો વ્યાપવિશ્વ બને છે. પરંતુ પ્રસ્તુત અભ્યાસ માટે નમૂના તરીકે સરકારી અનુદાન મેળવતી માધ્યમિક શાળાઓમાં કુલ ૮૦ શિક્ષકો પસંદ કરવામાં આવ્યા હતા. નમૂના પસંદગીની રીત સહેતુક હતી. જેમાં ઉપલબ્ધ શિક્ષકો પાસે અભિપ્રાયાવલિ ભરાવવામાં આવી હતી.

### ૫.૨ ઉપકરણ

માધ્યમિક શાળાઓમાં કાર્યરત શિક્ષકોના શૈક્ષણિક અનુભવની નવવિચારના અમલીકરણ પર પડતી અસર ચકાસવાની હોવાથી અધ્યેતાએ સ્વ-રચિત અભિપ્રાયાવલિનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ ૨૫ વિધાનો હતા.

## ૬. માહિતી એકત્રીકરણની રીત

પ્રસ્તુ અભ્યાસ માટે માહિતી એકત્રિત કરવા માટે માધ્યમિક શાળાઓના ૬૦ શિક્ષકો પાસે વ્યક્તિગત જઈને અભિપ્રાયાવલિ ભરાવી હતી અને ૨૦ શિક્ષકો પાસેથી અન્ય શિક્ષક મિત્રોની મદદથી માહિતી પ્રાપ્ત કરી હતી.

## ૭. માહિતી પૃથક્કરણની રીત

પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ પદ્ધતિએ હાથ ધરવામાં આવ્યો હતો. આથી પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા માટે વર્ણનાત્મક આંકડાશાસ્ત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રત્યેક વિધાનના કાઈવર્ગ મૂલ્ય શોધવામાં આવ્યા હતા. અને માહિતી પૃથક્કરણની પ્રક્રિયામાં કમ્પ્યૂટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ૮. અભ્યાસના તારણો

૧.અનુભવી અને બિનઅનુભવી શિક્ષકોના અભિપ્રાયોના આધારે અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરતાં એવું જાણવા મળ્યું કે વર્ગખંડમાં નવવિચારોનો અમલ શિક્ષણકાર્ય રોચક બનાવે છે તથા વિદ્યાર્થીઓ નવીન પ્રયુક્તિઓ પ્રત્યે રસ દાખવે છે.

૨.અનુભવી શિક્ષકોના અભિપ્રાયો દ્વારા એવું તારણ પ્રાપ્ત થયું છે કે નવીન પદ્ધતિઓનું પર્યાપ્ત જ્ઞાન ન હોવાથી વર્ગખંડમાં નવવિચારોના અમલ વેળાએ મુશ્કેલી અનુભવતા હતા તથા નવવિચારોની જાણકારી મેળવવા માટે વિશેષ વાચન કરવું પડે છે.

૩.બિનઅનુભવી શિક્ષકોના અભિપ્રાયો દ્વારા પ્રાપ્ત માહિતી પ્રમાણે અન્ય શિક્ષકોને નવવિચારોનો વર્ગખંડમાં પ્રયોગ કરતાં જોઈ પ્રેરણા મળે છે, તથા સાધનોના ઉપયોગ અંગેનું કૌશલ્ય ન હોવાથી વર્ગખંડમાં તેનો ઉપયોગ કરવાનું ટાળતા હતા, અને નવીન પ્રયોગોનો અમલ દરમિયાન અન્ય શિક્ષકો દ્વારા ટીકા થાય છે.

૪.વર્ગખંડ શિક્ષણ દરમિયાન અમલમાં મૂકાયેલા નવવિચારો નીચે પ્રમાણે જાણવા મળ્યા હતા.

-કમ્પ્યૂટર શિક્ષણ
-પર્યાવરણ શિક્ષણ
-સમાજ ઉપયોગી ઉત્પાદક કાર્ય
-વસ્તી શિક્ષણ

૫.નવવિચારોના અમલીકરણ દરમિયાનની મુશ્કેલીઓ આ મુજબ છે

-વીજળીની અપૂરતી સુવિધા
-ભૌતિક સુવિધાઓ પર્યાપ્ત નથી.
-પૂરતા વર્ગખંડની યોગ્ય સગવડનો અભાવ.

## ૯. ઉપસંહાર

શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપન એ અનંત પ્રવાસ છે. આ પ્રવાસમાં સહુની સામેલગીરી દ્વારા સૌના જુસ્સાને ઉત્તેજિત કરીને, સતત માર્ગદર્શન આપતા રહીને લક્ષ્યાંકો સિદ્ધ કરવા એ એક પડકાર છે. નેતૃત્વની કસોટી છે. પરંતુ સક્ષમ અને ખુલ્લું મન ધરાવતા શિક્ષકો તથા આચાર્યના અસરકારક ટીમવર્ક દ્વારા જ સંસ્થા ખ્યાતિ પ્રાપ્ત કરી શકે છે. જેનું તાદૃશ ચિત્ર પ્રસ્તુત સંશોધનના તારણ દ્વારા સ્પષ્ટ થઈ જાય છે.

## સંદર્ભસૂચિ

૧. દેસાઈ, હ. ગુ. અને દેસાઈ કૃ. ગો. (૧૯૯૨). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
૨. શાહ, દિપીકા ભદ્રેશ (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
૩. રાવલ, નટુભાઈ વી. અને અન્ય (૨૦૦૪-૨૦૦૫). વિકાસમાન ભારતીય સમાજ શિક્ષણ. અમદાવાદ : નીરવ પ્રકાશન.
४. कुटेशिया, उमेशचन्द्र (२००५). शिक्षा प्रशासक. विनोद पुस्तक मन्दिर, आग्रा–२.
५. प्रबहारीलाल, विश्वनाथ और डो. नरेशचन्द्र त्रिपाठी. शिक्षा में नवाचार. विनोद पुस्तक मन्दिर, आग्रा–२.